ગુજરાતમિત્ર

ગતિવિધિ

બીએપીએસ અટલાદરાના ડો.જ્ઞાનવત્સલ સ્વામીજીનું ઉત્તર અમેરિકામાં ઠેરઠેર બહુમાન

વડોદરા : છેલ્લા ત્રણ દાયકા કરતાં વધુ સમયથી દેશ વિદેશમાં પોતાના આશરે ૧૫૦૦૦ કરતાં પણ વધુ પ્રેરણાદાયી ઉદબોધનો દ્વારા સમાજને અને તેમાં પણ ખાસ કરીને યુવા વર્ગને આધ્યાત્મિકતા થકી માનસિક શાંતિ પ્રેરતા પ્રવચનો દ્વારા ખૂબ જ લોકપ્રિય એવા બીએપીએસ સંસ્થાના વિદ્વાન સંત પૂજ્ય ડો. જ્ઞાન વત્સલ સ્વામીજીનું છેલ્લા પાંચ અઠવાડિયા દરમિયાન ઉત્તર અમેરિકાના કેનેડા તેમજ અમેરિકાના વિવિધ રાજ્યો, પ્રાંતો, નગરોમાં પણ બહુમાન કરવામાં આવ્યું છે. જેમાં પણ ઉલ્લેખનીય છે કે કેનેડાના ઓન્ટોરિયો,ઍડમંટન, આલ્બર્ટા, કેલગરી તથા તાજેતરમાં જ અમેરિકાના ઓહાયો રાજ્યના ગવર્નર દ્વારા પણ બહુમાન ની સાથે પ્રશસ્તિપત્રો અર્પણ કરી વિદેશની ધરતી પર વિદેશ ના પદાધિકારીઓ દ્વારા પણ એક સંતનું બહુમાન એ ખરેખર સમગ્ર રાષ્ટ્ર તથા ગુજરાત માટે ગૌરવપૂર્ણ છે. વિશેષ તો તેઓશ્રી વડોદરા સ્થિત અટલાદરા બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે રહી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ની આજ્ઞા થી આવી સમાજ ઉપયોગી સેવા કરે છે માટે સમગ્ર સંત સમાજ સહ વડોદરા માટે પણ આ અતિ ગૌરવશાળી આ પ્રસંગો છે.

CGCTC દ્વારા આવકવેરામાં તાજેતરના પ્રવાહો વિશે માર્ગદર્શન આપતો સેમિનાર યોજાયો

વડોદરા :સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલટન્ટ (CGCTC) દ્વારા તા. ૧૬/૦૭/૨૦૨૫ ને બુધવારના રોજ ચેમ્બર રૂમ કુબેર ભવન ખાતે સેમીનાર યોજવામાં આવ્યો. આ સેમિનારના નિષ્ણાંત વક્તા જાણીતી સી.એ. ફર્મ "શાહ મહેતા એન્ડ બક્ષી" ના ભાગીદાર ટેક્ષના નિષ્ણાંત વક્તા સી.એ. પ્રશાંત ઉપાધ્યાય દ્વારા (આવકવેરામાં તાજેતરના પ્રવાહો) તેમાં વિગતવાર તાજા સુધારા, નીતિમાં ફેરફાર, ટેક્ષ દરોના પરિવર્તન, ટેક્ષના નવા નિયમો કે ટેકનોલોજીકલ સુધારા જે આવકવેરા વિભાગે અમલમાં મુક્યા હોય તેમજ ભારતીય રહીશને વિદેશમાં સંપતિ હોય તો તેની જાણકારી આવકવેરા વિભાગને આપવાની હોય છે તેની ઊંડાણપૂર્વકની ચર્ચા તેમજ ટેક્ષ ફાઈલિંગ પ્રક્રિયામાં ડીજીટલીકરણ, કાળાધન- અઘોષિત વિદેશી આવક અને કર લાદણી અધિનિયમ-૨૦૧૫, ફોરેન એકાઉન્ટ ટેક્ષ કોમ્પ્લાયન્સ અધિનિયમ તેમજ વિવિધ હાઈકોર્ટ તેમજ ટ્રિબ્યુનલના ચુકાદા બાબતનું માર્ગદર્શન આપતો સેમીનાર યોજાયો હતો. આ સેમિનારનું સંચાલન એડવોકેટ મનીષભાઈ શાહ તેમજ એડવોકેટ રોમિલભાઈ અમીન દ્વારા કરવામાં આવેલ હતું.

બરોડા બેડમિન્ટન એસોશિએશન દ્વારા 19થી 27 જુલાઈ સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપ યોજાશે

વડોદરા : યોનેક્ષ સનરાઈઝ ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપ ૨૦૨૫નું આયોજન બરોડા બેડમિન્ટન એસોશિએશન દ્વારા તા.૧૯થી ૨૭ જુલાઈ દરમ્યાન બેડમિન્ટન હૉલ, સમા ઈનડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજ્યના દરેક જીલ્લામાં થઈ કુલ ૮૬૪ ખેલાડીઓએ ભાગ લીધેલ છે. તેમાં ૫૬૯ ભાઈઓ અને ૨૯૫ બહેનોનો સમાવેશ થાય છે. સ્પર્ધામાં વિવિધ વય જૂથમાં રમાડવામાં આવશે, જેમકે અંડર ૧૧, ૧૩, ૧૫, ૧૭, ૧૯ અને ઓપન વિભાગ મળીને કુલ ૨૮ વિવિધ ઈવન્ટ્સ જેવી કે સિંગલ્સ, ડબલ્સ અને મીક્ષ ડબલ્સમાં કુલ ૧૨૯૧ એન્ટ્રી આવેલ છે. સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર, સર્ટિફિકેટ અને ટ્રોફી એનાયત કરવામાં આવશે અને કુલ રૂપિયા 9 લાખના રોકડ પુરસ્કાર એનાયત કરાશે. વિજેતા ખેલાડીઓને ગુજરાત રાજયની ટીમમાંથી નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. પત્રકાર પરિષદમાં રાકેશ રસાણીયા સેક્રેટરી બરોડા બેડમિન્ટન એસોસિએશન, દારા સુરતી એક્ઝિક્યુટીવ કમિટી મેમ્બર બરોડા બેડમિન્ટન એસોસિએશન, જયેશ ભાલાવાલા એક્ઝિક્યુટીવ કમિટી મેમ્બર બરોડા બેડમિન્ટન એસોસિએશન, વીરભદ્રસિંહ પરમાર એક્ઝિક્યુટીવ કમિટી મેમ્બર બરોડા બેડમિન્ટન એસોસિએશન, હિતેશ ચૌહાણ ટ્રેઝરર બરોડા બેડમિન્ટન એસોસિએશન ઉપસ્થિત રહ્યા હતા.

સિંધી સમાજના ઇષ્ટદેવ ઝૂલેલાલ ભગવાનના ચાલીયા મહોત્સવનો પ્રારંભ

(પ્રતિનિધી) વડોદરા, તા.17

સિંધી સમાજના ઈષ્ટદેવ ઝૂલેલાલ ભગવાનના ચાલીયાનો કાર્યક્રમ દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.16-07-2025 ને બુધવારથી આગામી તા.26-08-2025 સુધી શહેરના વારસિયા સ્થિત સંતકંવર કોલોની,કરમચંદાણી હોલ ખાતે યોજવામાં આવશે.અહી દરરોજ સવારે - સાંજે ભજન કિર્તન, આરતી, પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે તદ્દપરાંત દરરોજ રાત્રે પૂજ્ય બહેરાણા સાહેબ ની શોભાયાત્રા યોજી સિંધુ સાગરમાં વિસર્જન કરવામાં આવશે ત્યારે બુધવારે પૂજ્ય ચાલીયા સાહેબ પરિવાર દ્વારા યોજાયેલી શોભાયાત્રામાં પાલખીયાત્રા કાઢવામાં આવી હતી જેમાં સંતો મુકેશ સાંઇ,શેરાવાળા સાંઇ, ચરણ સાંઇ ઉપરાંત વોર્ડ નં.6ના મ્યુનિસિપલ કાઉન્સિલર હિરાભાઇ કંજવાણી, સમાજના અગ્રણી સન્મુખ જ્ઞાનચંદાની સહિતના સિંધી સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આગામી તા.25-08-2025ના રોજ પૂજ્ય ચાલીયા સાહેબની મટકી વિસર્જનનો કાર્યક્રમ યોજવામાં આવશે જેમાં અંદાજે ત્રણ હજાર શ્રધ્ધાળુઓ માથા પર મટકી ધારણ કરી કરમચંદાણી હોલ થી સિંધુ સાગર સુધી લઇને જશે.

પોલીસે પુરાવા સાથે કોર્ટમાં રજૂ કરતા મેજિસ્ટ્રેટ જ્યુડિશિયલમાં મોકલવા હુકમ કર્યો

વારંવાર દુષ્કર્મ કરી પીડિતાને ગર્ભવતી બનાવનાર ગોડાઉન માલિક જેલ ભેગો

પરીણીત અને 4 સંતાનનો પિતા પીડિતાનું છ વર્ષથી શારિરીક શોષણ કરતો હતો

ઝાકીર ટ્રેડર્સ નામના ભંગારનું ગોડાઉન ચલાવનારે સગીરવયની યુવતીને નોકરી રાખી હતી

દુષ્કર્મનો આરોપી

(પ્રતિનિધી) વડોદરા તા.17

શહેરના આજવા રોડ પર આવેલા એક્તાનગરમાં રહેતા ભંગારનું ગોડાઉન ચલાવતા સંચાલક અને ચાર સંતાનના પિતાએ પીડિતા પર વારંવાર દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવી હતી. ત્યારે પીડીતાએ બાળકને જન્મ આપ્યો છે.

પોલીસે આરોપી ગોડાઉન માલિકની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો છે. વડોદરા શહેરના આજવા રોડ પર આવેલા એકતાનગરમાં રહેતા ઉમર અબ્દુલ જબ્બાર સૈયદ નુરાન મહોલ્લાના નાકા પર આવેલા જાકીર ટ્રેડર્સનું ભંગારનું ગોડાઉન ચલાવે છે. તે પરીણીત છે અને તેને સંતાનમાં ચાર બાળકો પણ છે. વર્ષ 2019માં તેમાન ગોડાઉનમાં એક સગીર વયની યુવતી તેમના ગોડાઉનમાં નોકરી શરૂ થઇ હતી. ત્યારબાદ આ ગોડાઉન માલિકે સગીરાને ગોડાઉનના અંદરના રૂમમાં સાફ સફાઇ કામ ચાલે છે તેમ કહી તેને બોલાવી હતી. ત્યારબાદ સગીરા સાથે ગોડાઉન માલિક ઉમેર અબ્દુલ જબ્બાર સૈયદે જબરદસ્તી કરી હતી પરંતુ તેનો સગીરા પ્રતિકાર કર્યો હતો ત્યારે ગોડાઉન માલિકે સગીરાની માતા તથા ભાઇને જાનથી મારી નાખવાની ધમકી આપીને તેણીની સાથે દુષ્કર્મ ગુજાર્યું હતું.

ત્યારબાદ તો ગોડાઉન માલિકે સગીરા પર છેલ્લા વર્ષના સમયગાળા દરમિયાન વારંવાર દુષ્કર્મ ગુજારતો હતો. દરમિયાન સગીરા ગર્ભવતી થઇ જતા તેણી ગભરાઇ ગઇ હતી. દરમિયાન 13 જુલાના રોજ તેણીને પેટમાં અસહ્ય દુખાવો થતા માતા સગીરાને જમનાબાઇ હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગઇ હતી. ત્યાં પિડીતાએ બાળકને જન્મ આપ્યો હતો. બાળકને તબિયત રાસરી હોવાથી તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યું હતું. ત્યારે ગોડાઉન માલિકે સગીરાને તેના ભાઇ અને માતાના મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવી હતી. દરમિયાન પિડીતાએ જમનબાઇ હોસ્પિટલમાં બાળકને જન્મ આપ્યો હતો. પોલીસે ગોડાઉન માલિકની ધરપકડ કરીને પુરાવા સાથે કોર્ટમાં રજૂ કરતા કોર્ટ દ્વારા આરોપીનો જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી અપાયો છે.

સાગબારાથી તાપીના સોનગઢને જોડતો સેતુબંધ રોડ

નાની દેવરૂપણ પાસે 45 વર્ષ પહેલા બનેલા બ્રિજ જર્જરિત છતાં તંત્રનું અભેદ મૌન

બ્રિજ પર ડામર ચોપડતા મજબૂતાઈ પર પ્રશ્નાર્થ

(પ્રતિનિધી)સાગબારા,ભરૂચ,તા.17 સાગબારાથી જંગલની તળેટીમાં તાપી જિલ્લાના સોનગઢ તાલુકાને જોડતો નાની દેવરૂપણ ગામે પાસે જર્જરિત બ્રિજ હોવા છતાં તંત્રનું અભેદ મૌન સેવાઈ રહ્યું છે.આદિવાસી વિસ્તારમાં માણસાઈવાળા માનવીઓ હોવા છતાં તંત્રને તેના જીવની કિંમત ગણવામાં ક્યાંક કચાસ રખાતી હોય છે.ગંભીરા બ્રિજ હોનારત બાદ હવે નાની દેવરૂપણ જર્જરિત બ્રિજને મરામત કરવાની માંગ ઉઠી છે. સાગબારાથી તાપી જીલ્લાના સોનગઢ તાલુકાને જોડતો નાની દેવરૂપણ રોડ લગભગ 1980ની સાલમાં બ્રિજ બન્યો હતો.આ રૂટ પર વાહનોની અવરજવર ધરવા કરતા ઓછી હોવા છતાં પણ સ્થાનિકો માટે વિકલ્પરૂપ રોડ કહેવાય.આ બ્રિજને લગભગ 45 વર્ષ પુરા થવા છતાં બ્રિજની જર્જરિત સ્થિતિમાં આવી ગયો છે.બ્રિજના પેરાફિટ પર 10 ફૂટના તૂટેલા દેખાઈ આવે છે. આ બ્રિજનો ઉપયોગ સાગબારા સહિત સોનગઢ તાલુકા માટે જાણે સેતુબંધ ગણી શકાય.ખાસ કરીને સાગબારા તાલુકામાં આદિવાસી સમાજની કુળદેવી દેવમોગરા સ્થાન હોવાથી સોનગઢ સહીત દક્ષિણ ગુજરાતના પુર્વભાગનાં દર્શનાર્થે આ રોડ પર પસાર થતા હોય છે.ત્યારે દેવરૂપણ જર્જરિત બ્રિજ મુસાફરો માટે સલામતી માટે પ્રશ્નાર્થ ઉભા થાય છે.

કૃત્રિમ તળાવોની ACP પ્રણવ કટારિયા સહિતના અધિકારીઓએ વિઝિટ કરી

બંને પોલીસ સ્ટેશનના પીઆઇની હાજરીમાં મૂર્તિકારો સાથે મીટિંગ યોજાઇ

(પ્રતિનિધી) વડોદરા તા.16 આગામી દશામા વ્રત તથા ગણેશ ચતુર્થીના તહેવારને ધ્યાનમાં રાખીને વડોદરા શહેર પોલીસ એફ ડિવિઝન હેઠળમાં આવતા માંજલપુર તથા મકરપુરા પોલીસ સ્ટેશનના અધિકારીઓ દ્વારા કૃત્રિમ તળાવની સરપ્રાઇઝ વિઝિટ કરાઇ હતી. ત્યારબાદ અધિકારીઓ મૂર્તિકાર સાથે મકરપુરા પોલીસ સ્ટેશનમાં મીટિંગ પણ યોજી યોગ્ય માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. આગામી દશામા વ્રત તથા ગણેશ ચતુર્થીના તહેવારને ધ્યાનમાં રાખીને બહાર પાડવામાં આવેલા જાહેરનામાની અમલવારી માટે મૂર્તિકારો સાથે મીટિંગ તથા કૃત્રિમ તળાવોના સ્થલોની વિઝિટ કરવા માટેની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. ત્યારે 16 જુલાઇના રોજ મદદનીશ પોલીસ કમિશનર એફ ડિવિઝન પ્રણવ કટારીયા ના અધ્યક્ષ સ્થાને મકરપુરા પોલીસ સ્ટેશનના પીઆઇ એ એમ ગોહિલ તથા માંજલપુરના પીઆઇ કે પી ખરાડી ઉપરાંત કોર્પોરેશનના અદિકારીઓને સાથે રાખીને મકરપુરા ગામ તથા તરસાલી ખાતે બનાવનાર દશામાતાના વિસર્જનના કૃત્રિમ તળાવોના સ્થળોનું નિરીક્ષણ કરી પાલિકાના અધિકારીઓ સાથે ચર્ચા કરાઇ હતી. ઉપરાંત મકરપુરા તથા માંજલપુરા પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં મૂર્તિ બનાવતા મૂર્તિકારો તથા મૂર્તિઓનું વેચાણ કરતા વેપારીઓ સાથે મીટિંગ કરી જાહેરનામામાં દર્શાવેલી સાઇટ પ્રમાણે પ્રતિમામ બનાવવા સમજ કરાઇ હતી. રાત્રીના સમયે દુકાન તથા ગોડાઉન કોઇની ધાર્મિક લાગણી ન દુઃભાય તેની જાળવણી કરવા જણાવાયું હતું. ત્યારે મકરપુરા તથા માંજલપુર પોલીસ સાથેની મીટિંગમાં 15 મુર્તી બનાવનાર મૂર્તિકારો હાજર રહ્યા હતા.

સંશોધન પ્રક્રિયામાં લગભગ છ થી આઠ મહિના લાગ્યા

MSU વિધાર્થિની કશિશ પંચાલે પથારીવશ દર્દીઓ માટે વસ્ત્રોની ડિઝાઈન વિકસાવી

40 પથારીવશ દર્દીઓ અને 40 સંભાળ રાખનારાઓના અભિપ્રાયો લેવામાં આવ્યા

(પ્રતિનિધી) વડોદરા, તા.17

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ટેક્સટાઇલ અને એપેરલ ડિઝાઇનની અનુસ્નાતક વિદ્યાર્થીની કશિશ પંચાલે પથારીવશ દર્દીઓની ખાસ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વસ્ત્રોની ડિઝાઇન વિકસાવી છે, જે હોસ્પિટલમાં લાંબા સમય સુધી રહેતા દર્દીઓ માટે આરામદાયક અને વ્યવહારુ વિકલ્પ પૂરું પાડે છે.

કશિશનું સંશોધન પથારીવશ દર્દીઓ માટે અનુકૂલનશીલ વસ્ત્રોની વપરાશકર્તા-કેન્દ્રીય ડિઝાઇન શીર્ષક હેઠળ એસ.એસ.જી. હોસ્પિટલ અને GMERS હોસ્પિટલમાં હાથ ધરવામાં આવ્યું હતું. સંશોધન દરમિયાન સર્જરી, ઓર્થોપેડિક્સ અને મેડિસિન વિભાગોના 40 પથારીવશ દર્દીઓ અને 40 સંભાળ રાખનારાઓના અભિપ્રાયો લેવામાં આવ્યા હતા. દર્દીઓની દૈનિક જરૂરિયાતો અને પડકારો અંગેની માહિતી અને અવલોકનોના આધારે કશિશે દર્દીઓ માટે વૈકલ્પિક વસ્ત્રોની જરૂરિયાત સ્પષ્ટ રીતે ઓળખી.તેણીએ પ્રારંભિક રીતે 30 ડિઝાઇન ખ્યાલો રજૂ કર્યા, જેમાં સર્જરી તથા ઓર્થોપેડિક વિભાગ માટે અલગ-અલગ 15 ડિઝાઇન હતી. ત્યારબાદ દર્દી અને સંભાળ રાખનારના સૂચનોના આધારે કુલ 6 અંતિમ ડિઝાઇન પસંદ કરી હોસ્પિટલ પરિસરમાં રીઅલ-ટાઇમ વેર ટ્રાયલ્સ દ્વારા તેમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ મૂલ્યાંકન આરામ, હલનચલન અને તબીબી સહાયક પ્રવૃત્તિઓની સરળતા જેવા માપદંડો આધારે કરવામાં આવ્યું. સંશોધન પ્રક્રિયામાં લગભગ છ થી આઠ મહિના લાગ્યા હતા.

જમીન પડાવી લેવા કાકાઓએ વર્ષ 2009માં મૃત્યુ પામેલા ભાઇને 5 વર્ષ બાદ જીવીત બતાવ્યો

5 બહેનોના કાકાએ જમીન હડપવાના કેસમાં હાઈકોર્ટે તપાસના આદેશ આપ્યા

પાંચ બહેનોને અંધારામાં રાખીને મૃતક પિતાના જમીનમાં વારસાઇમાંથી નામો હટાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.17

હાલમાં લંડન ખાતે રહેતા મૂળ વડોદરા શહેરના દિવાળીપુરા વિસ્તારમાં સહ્યાદ્રિ એપાર્ટમેન્ટના સ્મિતાબેન સંજયભાઈ પટેલે પોતાના વકીલ પ્રશાંત વી.ચાવડા મારફતે ગુજરાત હાઇકોર્ટમાં પિટિશન દાખલ કરી રજૂઆત કરવામા આવી હતી જેમાં રજૂઆત મુજબ તેઓ વિદેશમાં વસવાટ કરે છે અને તાજેતરમાં થોડા સમય માટે વડોદરા આવ્યા હતા ત્યારે તેઓને જાણ થઇ હતી કે, તેમના પિતા રતિલાલ મૂળજીભાઇ પટેલ તથા કાકા અરવિંદભાઈ મુળજીભાઇ પટેલ તથા કનુભાઇ મુળજીભાઇ પટેલના સંયુક્ત માલિકીની વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં મહેસૂલ સર્વે નં.99 અને 100 જે ટી.પી સ્કીમ નં12મા સમાવિષ્ટ છે તેમાં અંતિમ પ્લોટ નં. 21,22 અને 23 છે જેમાંથી અંતિમ પ્લોટ નં. -21નો વિસ્તાર 6304ચોરસમીટર છે અને અંતિમ પાયો નં.નં.24 સેટીનો વિસ્તાર 4432 ચોરસ મીટર છે જેમાં તેમના પિતા રતિલાલ મૂળજીભાઇ પટેલ નું તા.14-08-2009ના રોજ અવસાન થયું હતું જેથી સ્મિતાબેન સંજયભાઇ પટેલ તથા તેમના ચાર બહેનો ઈન્દીરાબેન અશ્વિનભાઇ પટેલ, સુશીલાબેન કિરીટભાઇ પટેલે, ગીતાબેન રોહિતભાઇ પટેલ અને દેવિકાબેન ભરતભાઇ પટેલ કુલ પાંચ બહેનો મૃતક પિતાના સીધા વારસદાર તરીકે 19-10-2823મા સિટી સર્વેમાં નોંધણી ન.5922 થી નોંધાયા હતા ત્યારબાદ કાકાઓ અરવિંદભાઈ મુળજીભાઇ પટેલ અને કનુભાઇ પટેલ તથા તેમના સાથીઓએ સિટી સર્વેમાં રતિલાલ મૂળજીભાઇ પટેલ ના મૃત્યુની હકીકત છૂપાવી સુપ્રિટેન્ડન્ટની ઓફિસમાં પ્રવેશ કરી બનાવટી દસ્તાવેજો નોટરી એસ.વાય.ગાજિયાવાલા દ્વારા તા.18-11-2814 ના રોજ નોંધણી ન.8716 સાથે. મૃતકના પાંચ વર્ષ ત્રણ મહિના અને ચાર દિવસ પછી જીવીત હોવાની હકીકત રજૂ કરીને સિટી સર્વે ઓફિસમાં બોગસ અને બનાવટી રેકોર્ડ દાખલ કરી પાચેય દીકરીઓના વારસાઇમાથી નામો હટાવી ઈરાદાપૂર્વક જમીન પડાવી લેવા જમીનમાં ગેરવર્તણૂક કરી હોવાની તા.22-1-2025 ના રોજ વડોદરા શહેર પોલીસ કમિશનર ને રજૂઆત કરવામાં આવી હતી તથા મુખ્યમંત્રી અને મહેસૂલ વિભાગમાં પણ અરજી સાથે રજૂઆત કરવામાં આવી હતી આ કેસમાં એન.આર.આઇ. સ્મિતાબેન સંજયભાઇ પટેલ તરફથી વકીલ પ્રશાંત વી ચાવડા દ્વારા તમામ જરૂરી પૂરાવાઓ, દસ્તાવેજો સાથે ગુજરાત હાઇકોર્ટમાં સમગ્ર મામલે ખોટા અને બનાવટી દસ્તાવેજો બનાવી ગુનો આચરવાના કેસમાં આરોપીઓ સામે એફ આઇ આર કરવા તથા અરજદાર સહિત તેઓની બહેનોના વારસામાં નામ મિલ્કતમાં ઉમેરવા અંગેની રજૂઆત કરવામાં આવી હતી જેના અનુસંધાને ગુજરાત હાઇકોર્ટ દ્વારા શહેર પોલીસ કમિશનર ને સમગ્ર મામલે યોગ્ય તટસ્થ તપાસ કરવા અને ગુનો જણાય તો તાત્કાલિક ગુનેગારો સામે એફ. આઇ. આર. નોંધી કાર્યવાહી કરવાનો હૂકમ કર્યો છે.

નણંદની દીકરી પરેશાન કરતાં હોવાની FIR કોર્ટે રદ્ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.17

કોરોના કાળમાં તા24-08-2020ના રોજ પતિનું અવસાન થયા બાદ ગાયત્રીબેને તા.18-10-2021માં પાણીગેટ પોલીસ સ્ટેશનમાં સાસુ લીલાબેન દુબે,જેઠ,દિયર,દેરાણી વિરુદ્ધ તેમજ એમ.જી.રોડ ખાતે રહેતા નણંદ કૌશલ્યાબેન જયેશભાઇ પંડ્યા તથા ભાણી બ્રિજલ પંડ્યા તથા છાણી જકાતનાકા ખાતે રહેતી નણંદ સીતાબેન મુકેશભાઇ શુકલા સામે ટોર્ચર, શારીરિક-માનસિક ત્રાસની ફરિયાદ પાણીગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જે તે સમયે ફોજદારી કાર્યવાહી સંહિતા 1973 સીઆરપીસીની કલમ 482 હેઠળની કલમ 498-એ,504,506(2) અને 114 હેઠળ સજાપાત્ર ગુના માટે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફ.આઇ.આર. રદ્ કરવા એડવોકેટ ભૌમિક શાહ દ્વારા ગુજરાત હાઇકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી. એડવોકેટ ભૌમિક શાહ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, અરજદાર જે તે સમયે માત્ર 19 વર્ષની હતી અને ફરિયાદીની ભત્રીજી છે જે ક્યારેય સાથે રહી પણ નથી તેના પર લગાવેલ આરોપો અસ્પષ્ટ, સર્વવ્યાપી કથિત ગુનામાં ચોક્કસ વિગતોનો અભાવ છે.

અરજદાર સામે બદલો લેવાના ગુપ્ત હેતુથી અને ખાનગી વ્યક્તિગત દ્વેષને કારણે નફરત કરવાના હેતુસર ફરિયાદ કરાઇ હોય તેની સામે વાંધાજનક એફ આઇ આર રદ્ કરવાની રજૂઆત કરવામાં આવી હતી જેમાં ગુજરાત હાઇકોર્ટ દ્વારા પાણીગેટ પોલીસને 19 વર્ષીય યુવતી સામેની એફ.આઇ.આર.રદ કરવાનો હૂકમ કર્યો છે.

અસામાજિક તત્વોની વીજ ચોરી વિરૂદ્ધ અંકલેશ્વર તંત્રનો સકંજો : 11.90 લાખનો દંડ ફટકારાયો

(પ્રતિનિધી) અંકલેશ્વર, તા. 17 અંકલેશ્વર શહેરના બી-ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં વિજ ચોરીના બે ગંભીર કેસનો પર્દાફાશ કરતા પોલીસ અને DGVCLના સંયુક્ત ઓપરેશન દ્વારા ગેરકાયદે વીજ જોડાણ ધરાવતા બે શખ્સોની ઓળખપત્ર સાથે કાર્યવાહી કરી જથ્થાબંધ દંડ ફટકારવામાં આવ્યો છે. કુલ મળીને રૂ. 11,90,000ના દંડની વસૂલી માટે પગલાં ભરાયા છે. પોલીસ મહાનિર્દેશક તથા મુખ્ય પોલીસ અધિકારીએ અસામાજિક તત્વો વિરૂધ્ધ કામગીરીના સૂચનને પગલે આ કાર્યવાહી હાથ ધરાઈ હતી. અંકલેશ્વર શહેર બી-ડીવીઝન તથા DGVCLના કર્મચારીઓ સાથે અસામાજીકોના રહેઠાણે વીજ ચેકિંગ હાથ ધર્યું હતું. આ ચેકિંગ દરમિયાન બે સ્થળે ગેરકાયદેસર વીજ જોડાણ મળી આવ્યા હતા.

HDFC BANK
We understand your world

એચડીએફસી બેંક લિમિટેડ

શાખા : એચડીએફસી હાઉસ, ટ્રિડેન્ટ કોમ્પ્લેક્સ, રેસકોર્સ વડોદરા ૩૯૦૦૦૭.
CIN L70100MH1977PLC019916 વેબસાઈટ: www.hdfc.com

ખાનગી વસ્તુઓ / ઘરગથ્થુ સામાન દૂર કરવા માટેની નોટીસ

ક્રમ ન.	ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓનું નામ	ડિમાન્ડ નોટિસ તારીખ	કબજાની તારીખ	સ્થાવર મિલકત(ઓ) / સિક્યોર્ડ એસેટ(ઓ) નું વર્ણન
એ	બી	ડી	ઈ	એફ
1.	શ્રી મહેતા પ્રદિપભાઈ હરિલાલ (ઋણલેનાર) મેસર્સ અખંડ જ્યોતિ એન્ટરપ્રાઇઝ (સહ ઋણલેનાર) શ્રીમતી મહેતા રાધિકા (સહ ઋણલેનાર) શ્રી મહેતા ટ્વિંકલ (સહ ઋણલેનાર) 184223- 659359877, 658571014,644311084	૧૭.૦૯.૨૦૨૪	૦૭.૦૪.૨૦૨૫ ફિઝિકલ	યુનિટ-૩, પ્રણવ એક્સટેન્શન - ૨, એસ નં. ૩૭૨/૨, એફ પી ૨૪૯, ટી પી ૧૮, સી એસ ૨૨૦૧/૧૦, તુલસીધામ ક્રોસ રોડ પાસે, દેવપુષ્પા હોસ્પિટલ પાછળ, મંજલપુર, વડોદરા - ૩૯૦૦૧૧

જ્યારે નીચે સહી કરનાર વ્યક્તિ એચડીએફસી બેંક લિમિટેડ (અગાઉ એચડીએફસી લિમિટેડ, માનનીય એનસીએલટી-મુંબઈ દ્વારા 17 માર્ચ 2023 ના રોજના આદેશ દ્વારા મંજૂર કરાયેલી જોડાણ યોજનાના આધારે એચડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય પામી હતી) (એચડીએફસી) ના અધિકૃત અધિકારી

આ જાહેર નોટિસ એ હકીકતને ધ્યાનમાં રાખીને જારી કરવામાં આવે છે કે એચડીએફસી ઉપરોક્ત દેવાદાર/કાનૂની વારસદાર/કાનૂની પ્રતિનિધિ(ઓ) સાથે તેમના/તેણીના/તેમના છેલ્લા જાણીતા સરનામે એચડીએફસી ના રેકોર્ડ મુજબ સંપર્ક/સંપર્ક સ્થાપિત કરવામાં સક્ષમ નથી.

જ્યારે એચડીએફસી ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 (સરફેસી એક્ટ) ની કલમ ૧૩(૨) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને ઉપરોક્ત તારીખો પર ઋણ લેનાર/લેખકો/કાનૂની વારસદાર/કાનૂની પ્રતિનિધિ/લેખકોને ડિમાન્ડ નોટિસ જારી કરી છે.

ઉધાર લેનાર/કાયદેસરના વારસદાર/કાયદાકીય પ્રતિનિધિઓ દ્વારા તેમાં દર્શાવેલ સમયગાળાની અંદર ઉપરોક્ત માંગ સૂચના(ઓ)નું પાલન કરવામાં નિષ્ફળતા પર, એચડીએફસી ના અધિકૃત અધિકારીએ ઉપરોક્ત ઉલ્લેખિત તારીખોએ સરફેસીં કાયદાની કલમ ૧૩(૪) અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૮ સાથે વાંચવામાં આવતી સરફેસીં એક્ટની કલમ ૧૩(૪) હેઠળ, ઉક્ત માંગ સૂચના(ઓ) માં વધુ વિગતવાર વર્ણવેલ સ્થાવર મિલકત (ઓ) / સુરક્ષિત સંપત્તિ(ઓ)નો કબજો લઈ લીધો છે.

ઉક્ત સ્થાવર મિલકત (ઓ) / સુરક્ષિત સંપત્તિ (ઓ) નો કબજો લેતી વખતે, એચડીએફસી ના અધિકૃત અધિકારીએ તેમાં પડેલા વ્યક્તિગત સામાન અને ઘરગથ્થુ સામાનની એક યાદી તૈયાર કરી છે, જેની નકલ ઓફિસના સમય દરમિયાન કોઈપણ કાર્યકારી દિવસે નીચે સહી કરનાર પાસેથી મેળવી શકાય છે.

આ સંજોગોમાં, ઉક્ત ઋણ લેનાર/કાનૂની વારસદાર/કાનૂની પ્રતિનિધિ(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે તેઓ ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ)/ સુરક્ષિત સંપત્તિ(ઓ) માં પડેલી વ્યક્તિગત વસ્તુઓ/ઘરગથ્થુ વસ્તુઓ તાત્કાલિક દૂર કરે, જો આમ ન થાય તો અધિકૃત અધિકારી પાસે વ્યક્તિગત વસ્તુઓ/ઘરગથ્થુ વસ્તુઓ દૂર ક